માર્ચ

૧ માર્ચ ૧૯૪૪ - ગુજરાતી કવિ, નવલકથાકાર અને વિવેચક મફતભાઈ જીવરામ ઓઝાનો જન્મ મહેસાણા જીલ્લાના જામળા ગામમાં થયો હતો. ‘ ધુમ્મસનું આ નગર’ તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. ‘ અમે તો પાનખરના ફૂલ’ અને પીળું કરેણનું ફૂલ’ એમના વાર્તાસંગ્રહો છે.

૨ માર્ચ ૧૮૮૦ - ઉર્દૂ સાહિત્યનું ગુજરાતીકરણ કરનાર જનાબ ઈમામખાન ક્યાસખાનનો જન્મ વઢવાણમાં થયો હતો.

૩ માર્ચ ૧૯૩૩ - સંગીતક્ષેત્રે ગુજરાતનું નામ વિશ્વમાં રોશન કરનાર આણંદજીનો જન્મ મુદ્રા તાલુકાના હુદ્રોડી ગામમાં થયો હતો.

૩ માર્ચ ૧૮૩૯ - ભારતના ઉદ્યોગ જગતના પિતા અને ગુજરાતના પનોતા પુત્ર જમશેદજી નુંસીરવાનજી તાતાનો જન્મ નવસારીમાં થયો હતો. તેમણે ટાટા સ્ટીલ કંપનીની સ્થાપના કરી જે એશિયાની પ્રથમ અને ભારતની સૌથી મોટી કંપની છે. (અવસાન- ૧૯/૫/૧૯૦૪)

૪ માર્ચ ૧૯૨૩ - ગુજરાતી રંગભૂમિના ઉત્તમ કલાકાર, ‘ મેના ગુજરી’ નાટકમાં અદ્દભૂત અભિનય કરનાર દીના કાલિદાસ પાઠકનો જન્મ અમરેલીમાં થયો હતો. તેમણે ‘ ઇપ્ટા’ નામની રંગભૂમિ સંસ્થાની સ્થાપના કરી. ( અવસાન- ૧૧/૧૦/૨૦૦૨)

૫ માર્ચ ૧૯૩૧ - ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર પ્રફુલ્લ નંદશંકર દવેનો જન્મ વડોદરામાં થયો હતો.તેમનું ઉપનામ ‘ ઇવાડેવ” હતું.

૬ માર્ચ ૧૯૦૦ - ગુજરાતી સાહિત્યના લોકપ્રય કવિ બકુલભાઈ રાવલનો જન્મ થયો હતો.તેમણે ‘ મૌનના પડઘા’ કાવ્યસંગ્રહને ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયેલ છે.

gnanbhandar.com

૭ માર્ચ ૧૯૧૬ - ગુજરાતી બાળ કાવ્યો લખનાર બાલમુકુન્દ મણિશંકર દવેનો જન્મ વડોદરા જીલ્લાના મસ્તુપુરામાં થયો હતો. તેમણે ' લોકજીવન' તંત્રીપદે સેવા આપી હતી. ' પરિક્રમા અને કુંતલ' તેમના કાવ્યસંગ્રહો છે. ' સોનચંપો' , અલ્લક દલ્લક અને ઝરમરિયા' તેમના બાળ કાવ્યસંગ્રહો છે.( અવસાન-૧૯૯૩)

૮ માર્ચ ૧૮૫૬ - ગુજરાતી કવિ દોલતરામ કૃપાશંકર પંડ્યાનો જન્મ નડિયાદમાં થયો હતો. ' ઇન્દ્રજીત વધ' ગુજરાતી સાહિત્યમાં મહાકાવ્યના પ્રથમ પ્રયોગ માનવામાં આવતો હતો. આ ઉપરાંત ' કુસુમાવલી' અને અમરસત્ર તેમની કૃતિઓ છે. (અવસાન -૧૮/૧૧/૧૯૧૬)

૯ માર્ચ ૧૯૧૧ - ગુજરતમાં ' માલિક તંત્રી' યુગના ગાંધીવાદી પત્રકાર કપિલરાય મનવંતરાય મહેતાનો જન્મ ભાવનગરમાં થયો હતો. ઈ.સ.૧૯૬૨ થી ૨૮ વર્ષ ' ગુજરાત સમાચાર'ના તંત્રી રહ્યા હતા. ત્યારપછી સાત વર્ષ ' સંદેશ' દૈનિક પેપરમાં તંત્રીપદે રહ્યા હતા. ( અવસાન-૧૮૭૦)

૯ માર્ચ ૧૮૩૬ - અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ વિવેચક નવલરામ પંડ્યાનો જન્મ થયો હતો. (૭/૮/૧૮૮૮)

૯ માર્ચ ૧૯૮૫ - નાની વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સ્થાન પામનાર યુવાન વિકેટકીપર પાર્થિવ અજયભાઈ પટેલનો જન્મ અમદાવાદમાં થયો હતો. ' પ્લેટ ગ્રૂફ રણજીટ્રોફી પ્રથમ જ વાર જીતવાની અદ્દભૂત સિદ્ધિ ધરાવે છે.

૧૦ માર્ચ ૧૯૩૪ - આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કરનાર ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મ થયો હતો. ઈ.સ. ૧૯૬૫માં તેમના ચિત્રોનું સૌપ્રથમ પ્રદર્શન યોજાયું હતું. ( અવસાન ૮/૮/2003)

૧૦ માર્ચ ૧૯૧૧ – ભારતના ઔદ્યોગિક અને નાણાક્ષેત્રેના અગ્રણી વહીવટકર્તા એચ.ડી.એફ.સી. બેન્કના સ્થાપક હસમુખભાઈ ઠાકોરભાઈ પારેખનો જન્મ સુરત પાસેના રાંદેરમાં થયો હતો. ઈ.સ. ૧૯૭૭માં હાઉસીંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ



gnanbhandar.com

કોર્પોરેશન લિ.( એચ.ડી.એફ.સી.)ની સ્થાપના કરી હતી. ( અવસાન – ૧૮/૧૧/૧૯૯૪)

૧૧ માર્ચ ૧૯૦૨ - ભારતના બંધારણમાં મહત્વનો ફાળો આપનાર તથા ‘ પ્રબુદ્ધજીવન’ના તંત્રી ચીમનલાલ ચકુભાઈનો જન્મ સૌરાષ્ટ્રના લીંડી ગામમાં થયો હતો. ( અવસાન- ૨૦/૧૧/૧૯૮૨)

૧૧ માર્ચ ૧૯૧૫ - ગુજરાતનો ધૂરંધર ટેસ્ટ ફટકાબાજ વિજય હ્જારેનો જન્મ થયો (અવસાન- ૧૮/૧૨/૨૦૦૪)

૧૧ માર્ચ ૧૯૫૯ - ૧૯૫૯ નાટક અને સિનેમા બંને ક્ષેત્રે અસરકારક અભિનય કરી માનભર્યું સ્થાન મેળવનાર ગુજરાતી અભિનેત્રી સુજાતા મહેતાનો જન્મ નવસારીમાં થયો હતો. તેમણે હિન્દી ફિલ્મ ‘ પ્રતિઘાત’માં યાદગાર ભૂમિકા ભજવી હતી.

૧૨ માર્ચ ૧૯૦૭ - ગુજરાતની પ્રજાને કલ્પનાભિમુખ કરવામાં જેમનો ખૂબ ફાળો છે તેવા કનુભાઈ હકુમાંતરાય દેસાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. ( અવસાન- ૯/૧૨/૧૯૮૦)

૧૨ માર્ચ ૧૯૧૫ - ગુજરાતી ભાષામાં વેદની સમૃદ્ધિ અને રહસ્યો ખોલી આપનાર વિષ્ણુદેવ પંડિતનો જન્મ થયો હતો.(અવસાન-૩૧/૩/૨૦૦૦)

૧૨ માર્ચ ૧૯૨૪ - પિડીલાઈટ ઉદ્યોગ સંકુલના સ્થાપક સફળ ઉદ્યોગપતિ બળવંતભાઈ કલ્યાણભાઈ પારેખનો જન્મ ભાવનગર પાસે આવેલ મહુવામાં થયો હતો.

૧૨ માર્ચ ૧૯૩૭ - ગુજરાતના પ્રબુદ્ધ સાહિત્યકાર, અસરકારક વક્તા, લલિત નિબંધકાર , નવલકથાકાર ગુણવંત ભૂષણલાલ શાહનો જન્મ સુરતમાં થયો હતો. ‘ કાર્ડિયોગ્રામ’, ‘વિચારોના વૃંદાવનમાં’, ‘ઝાકળભીનાં પારીજાત’ તેમના લલિતનિબંધસંગ્રહો છે.

gnanbhandar.com

૧૨ માર્ચ ૧૯૬૫ - ગુજરાતી ગરબાની રાણી તથા દાંડીયાની રાણી તરીકે જાણીતા બનેલા ફાલ્ગુનીબેન પાઠકનો જન્મ થયો હતો. ઈ.સ. ૧૯૮૮માં ' યાદ પિયા કી આને લાગી" આલ્બમથી સંગીતક્ષેત્રે પ્રવેશ કર્યો હતો.

૧૩ માર્ચ ૧૮૬૮ - ' ભદ્રંભદ્ર' ગુજરાતી પ્રથમ હાસ્યરસિક નવલકથા લખનાર રમણલાલ મહીપતરામ નીલકંઠનો જન્મ અમદાવાદમાં થયો હતો. ' રાઈનો પર્વત' નાટક અને ' હાસ્યમંદિર' તેમનું હાસ્ય નિબંધ પુસ્તકો છે. (અવસાન- ૬/3/૧૯૨૮)

૧૫ માર્ચ ૧૯૪૮ - ગુજરાતી વાર્તાકાર અને નવલકથાકાર મોહનભાઈ અંબારામ પરમારનો જન્મ મહેસાણાના ભાસરીયા ગામમાં થયો હતો. ' અક્ષય' સામયિકની શરૂઆત કરી હતી. તેમણે ' કોલાહલ' તેમનો વાર્તાસંગ્રહ છે. ' ભેખડ', કાલગ્રસ્ત' , નેળિયું' અને 'પ્રિયતમા' તેમની નવલકથાઓ છે.

૧૫ માર્ચ ૧૯૭૯ - આર્યુવેદ ચિકિત્સા પદ્ધતિના પ્રખર પુરસ્કર્તા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનો જન્મ થયો હતો.

૧૬ માર્ચ ૧૮૭૭ - ડોલનશૈલીના સર્જક ગુજરાતીના મહાકવિ ન્હાનાલાલ દલપતરામનો જન્મ અમદાવાદમાં થયો હતો. (અવસાન ૯/૧/૧૯૪૬)

૧૭ માર્ચ ૧૯૩૩ – ગુજરતી કવિ, વિવેચક અને વાર્તાકાર નવીન ચંદ્રકાન્ત રાવલનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ' સ્વપ્નલોક' વાર્તાસંગ્રહ અને 'અવકાશ' કવિતાસંગ્રહ આપ્યો હતો.

૧૭ માર્ચ ૧૯૪૫ - ગુજરાતના પ્રથમ આધુનિક મહિલા શિલ્પી એસ્થર ડેવિડનો જન્મ અમદાવાદમાં થયો હતો.તેઓ અમદાવાદ પ્રાણીસંગ્રહાલયના સ્થાપક હતા.

૧૮ માર્ચ ૧૮૬૩ - ગુજરાતમાં પ્રજાવત્સલ, સુધારાવાદી અને વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડનો જન્મ થયો હતો. ( અવસાન – ૬/૨/૧૯૩૯)

gnanbhandar.com

૨૦ માર્ચ ૧૮૪૮ - ગુજરાતી વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટનો જન્મ ભાવનગર જીલ્લાના ઉમરાળામાં થયો હતો.

૨૦ માર્ચ ૧૯૧૫ - ભારતના શિલ્પ સ્થાપત્યના સુપ્રસિદ્ધ ઈતિહાસવિદ અને ભારતીય પુરાતત્વવિદ્યાના પ્રખર વિદ્વાન ઉમાકાંત પ્રેમાનંદ શાહનો જન્મ વડોદરામાં થયો હતો. ( અવસાન -૧૯૮૮)

૨૦ માર્ચ ૧૯૬૬ - હિન્દી ફિલ્મોના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયિકા અલકા યાજ્ઞિકની જન્મ કોલકતામાં ગુજરાતી પરિવારમાં થયો હતો. તેમણે ' કભી અલવિદા ના કહેના' લોકપ્રિય ગીત ગાયું છે.

૨૧ માર્ચ ૧૯૬૬ - મહિલાઓને થતા અન્યાય સામે આજીવન લડનાર પુષ્પાબહેન હરિભાઈ મહેતાનો જન્મ થયો હતો. તેમણે ' વિકાસગૃહની સ્થાપના કરી હતી. ( અવસાન- ૨/૪/૧૯૮૮)

૨૨ માર્ચ ૧૯૦૮ - ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિ, વિવેચક,અનુવાદક તથા શ્રી અરવિંદના અંતેવાસી ત્રિભુવનદાસ પુરસોત્તમદાસ લુહાર ઉર્ફે સુન્દરમનો જન્મ ભરૂચ જીલ્લાના મિયાંમાતર ગામમાં થયો હતો. તેમણે ' કોયા ભગતની કડવી વાણી' , ' કાવ્ય મંગલા' અને ' વસુધા તેમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. (અવસાન ૧૩/૧૦/૧૯૯૧)

૨૩ માર્ચ ૧૯૨૪ - આકાશવાણીના ભૂતપૂર્વ નિયામક , સમાજસેવિકા અને લેખિકા વસુબહેન ભટ્ટનો જન્મ થયો હતો. તેમણે ' પાંદડે પાંદડે મોટી' , ' દિવસે તારા, રાત્રે વાદળ' જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે. ઈ.સ. ૧૯૮૮માં ' મહિલા ગૌરવ એવોર્ડ' એનાયત થયેલ છે.

૨૫ માર્ચ ૧૯૨૦ - ગાંધીમૂલ્યોનું જતન કરનાર ડૉ. ઉષાબહેન મહેતાનો જન્મ થયો હતો.( અવસાન- ૧૨/૮/૨૦૦૦)

૨૬ માર્ચ ૧૯૦૯ - ભૂગોળ તથા ઈતિહાસની કથાઓ પોતાની કલમે લખનાર લોકપ્રય વિજયગુપ્ત મુરારજી મૌર્યનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેમનું મૂળ નામ વિજયશંકર હતું. તેમનું પ્રથમ પુસ્તક ' પ્રિન્સ બિસ્માર્ક' હતું. ( અવસાન ૧૦/૭/૧૯૯૨)

gnanbhandar.com

૨૬ માર્ચ ૧૯૩૭ - ભારતીય સંસ્કૃતિના ઊંડા અભ્યાસી ઈતિહાસવિદ સંશોધક પ્રવિણચંદ્ર ચીમનલાલ પરીખનો જન્મ ખેડામાં થયો હતો. ' ભારતીય સિક્કાશાસ્ત્ર' અને ' બહ્તીય પ્રાચીન શિલ્પશાસ્ત્ર' તેમના સંશોધન વિવેચન પુસ્તકો છે.

૨૭ માર્ચ ૧૮૬૦ - ગુજરાતના એક અગ્રગણ્ય કેળવણીકાર મહીપતરામ રૂપરામ નીલકંઠનો જન્મ સુરતમાં થયો હતો.

૨૮ માર્ચ ૧૯૧૭ - રાજકીય ગતિવિધિણે લોકભોગ્ય ભાષામાં રજુ કરનાર તેજસ્વી પત્રકાર વાસુદેવ નારાયણલાલ મહેતાનો જન્મ અમદાવાદમાં થયો હતો. ( અવસાન – ૯/૩/૧૯૯૭)

૨૯ માર્ચ ૧૯૪૮ - ગુજરાતના જાણીતા ચિત્રકાર ઉર્મિબેન પરીખનો જન્મ અમદાવાદમાં થયો હતો.તેઓ ચિત્રકાર રસિકલાલ પરીખના પુત્રી હતા. ઈ.સ. ૧૯૯૬માં લલિતકલા અકાદમીએ ગૌરવ પુરસ્કાર એનાયત થયેલ છે.

૩૦ માર્ચ ૧૯૪૫ - ગુજરાતમાં ખગોળ જેવા વિષયમાં સંશોધન તથા શનિના જલ્યો સબંધી મહત્વની કામગીરી કરનાર જીતેન્દ્રભાઈ જટાશંકર રાવળનો જન્મ સુરેન્દ્રનગરના હળવદમાં થયો હતો. શનિને વળ્યો હોવાની રજુઆતને ઈ.સ.૧૯૮૯માં સમર્થન મળ્યું હતું. ( અવસાન ૬/૨/૧૯૩૯)

૩૦ માર્ચ ૧૯૪૮ - પોતાના મીઠાશભર્યા કંઠે અગણિત ગુજરાતી ગીતો ગાઈને લોકહૈયા ડોલાવનાર ગાયક પ્રફુલ્લ દેવશંકર દવેનો જન્મ અમરેલી જીલ્લાના ચિત્તલમાં થયો હતો. તેમણે ગાયેલું ' મણીયારો' ગીતને પ્રચંડ લોકપ્રિયતા સાંપડી હતી.

gnanbhandar.com